# સામાજિક સંસ્થા: વિવિધ સ્વરૂપ અને ભૂમિકા

વિક્રમ એ. ભરવાડ

## ૧. પ્રસ્તાવના

**સંસ્થા** એ એક સામાજિક વ્યવસ્થા છે, જે સામૂહિક લક્ષ્યનું અનુકરણ કરે છે, પોતાની કામગીરીને નિયંત્રિત કરે છે અને તે પોતાના વાતાવરણ દ્વારા જુદુ જ વર્તુળ રચે છે. ગ્રીક શબ્દ organon પરથી આ શબ્દની વ્યુત્પત્તિ થઇ છે, જે ખૂબ જ જાણીતા શબ્દ ergon પરથી લેવામાં આવ્યો હતો. સમાજમાં **લગ્ન, કટુંબ, જ્ઞાતિ** વગેરે જેવી સામાજિક સંસ્થાઓ છે. કોઇ પણ વ્યક્તિ પોતાનું જીવન અનિયંત્રિત રીતે નહી, પરંતુ સંસ્થાકીય માળખામાં રહીને જ જીવી શકે છે. પ્રત્યેક સમાજ જે કોઈ પ્રવૃત્તિઓ કરે છે તે બધી વિવિધ સંસ્થાઓ દ્વારા જ શક્ય છે. સંસ્થાઓ દ્વારા જ શક્ય છે. સંસ્થાઓ માનવીને પ્રવૃત્તિઓ કરવાની રીત આપે છે. સંસ્થાઓ માનવીના જન્મથી મૃત્યુ સુધી વ્યક્તિનું અને સમૂહનું સમાજીકરણ કરે છે. આ સંસ્થાઓ દ્વારા પ્રત્યેક સમાજના સાંસ્કૃતિક વારસાનું સાતત્ય જળવાઇ રહે છે અને તેનાથી જ સમાજ ટકી રહે છે.

## ૨. અર્થ અને વિવિધ વ્યાખ્યાઓ

- 'સામાજિક સંસ્થા એટલે સમાજની અમુક સામાજિક જરૂરિયાતોની પૂર્તિ માટે થતી આંતરક્રિયાને માર્ગદર્શિત કરતાં ધોરણોનો સમૂહ'.
- સંસ્થા એ વ્યક્તિઓ અને જૂથો વચ્ચેના સંબંધોને નિયંત્રિત કરતી લાંબા સમય સુધી ટકી રહેતી પ્રસ્થાપિત કાર્યપ્રણાલી છે.
- સામાજિક સંસ્થા સભ્યોની જરૂરિયાતો સંતોષવામાં મદદ બને તેવી એકબીજાની ભૂમિકાઓ અને વર્તન કરવાની રીતો નક્કી કરી આપે છે.
- મકાઈવર અને પેજના મત મુજબ, “સંસ્થા એ સમૂહ પ્રવૃત્તિને પ્રસ્થાપિત કરતી કાર્યપ્રણાલી છે."
- જહૉન્સન સંસ્થાને અમુક વિશિષ્ટ પ્રકારના સામાજિક સંબંધોને લાગુ પડતી ધોરણાત્મક ઢબ તરીકે ઓળખાવે છે.
- હોર્ટન અને હન્ટના મત મુજબ, “માનવ જરૂરિયાતોની આસપાસ કેન્દ્રિત થયેલી લોકરીતિઓ અને લોકનીતિના સંગઠિત સંકુલને સામાજિક સંસ્થા કહેવાય.”

આમ, લગ્ન, કુટુંબ, શિક્ષણ, ધર્મ વગેરે સંસ્થાઓ છે. આ સંસ્થાઓ વ્યક્તિઓની પરસ્પરની ભૂમિકાઓ અને વર્તનની ઢબ નક્કી છે. તેમજ માનવસમાજની જરૂરિયાતો પૂરી પાડવાનું કાર્ય કરે છે.

## ૩. સામાજિક સંસ્થાનાં લક્ષણો

### ૧. વલણ અને વર્તનની ઢબ

સંસ્થાઓ વ્યક્તિઓના વલણ અને વર્તનની ઢબ વ્યક્ત કરે છે. દL તે, કુટુંબમાં પરસ્પર પ્રેમ,વાદારી, માનની લાગણી અને જ્વાબદારીનું વલણ વ્યક્ત થાય છે અને આ વલણ અનુસાર કુટુંબના સભ્યોના પારસ્પરિક વર્તનની ઢબ રચાય છે. આજ પ્રમાણે રાજકીય, શૈક્ષણિક, ધાર્મિક વગેરે સંસ્થામાં વલણ અને વર્તનની ઢબ વ્યક્ત થાય છે.

### ૨. સાંસ્કૃતિક પ્રતિકો

દરેક સંસ્થાને અમુક વિશિષ્ટ સાંસ્કૃતિક પ્રતિકો હોય છે, જે સંસ્થાની ઓળખ આપે છે. દા. ત., રાષ્ટ્રગીત, રાષ્ટ્રધ્વજ વગેરે કોઈ દેશનું સાંસ્કૃતિક પ્રતિક છે. કોઈ પક્ષનું ચિહન એ રાજકીય સંસ્થાનું પ્રતીક છે. સગાઇ સમયે આપવામાં આવતી રીંગ લગ્નસંસ્થાનું એક પ્રતિક છે. અમુક સ્તોત્ર કે સ્તવન ધર્મસંસ્થાનુ પ્રતિક છે.

### ૩. સાધન સગવડ

સંસ્થા તેનાં કાર્યો માટે ખાસ સાધનો અને સગવડો ધરાવે છે. જે સંસ્થાના ઉપયોગના પાયા પર રચાયેલું સાંસ્કૃતિક લક્ષણ છે, દા.ત. કુટુંબ સંસ્થા માટે ઘર, ધર્મ સંસ્થા માટે મંદિર, દેરાસર, મસ્જિદ, ખર્ચ વગેરે; શિક્ષણ સંસ્થા માટે શાળાનું મકાન, યુનિવર્સિટીનું ભવન વગેરે પુસ્તકો અને ગ્રંથો માટે પુસ્તકાલય. આ સંસ્થાના સાધન-સગવડ છે.

**૪. વર્તનનાં ધોરણો**

સંસ્થા એ લોકરીતિઓ, લોક નીતિઓ અને કાયદાનો સમૂહ છે. વિશિષ્ટ પ્રકારના સામાજિક સંબંધોને લાગુ પડતા વર્તન અને ભૂમિકાને માર્ગદર્શન આપતાં ધોરણોની વ્યવસ્થા છે. દા. ત., કુટુંબ સંસ્થામાં પતિ-પત્ની અને સંતાનોના પારસ્પરિક સંબંધો અને ભૂમિકા નક્કી કરતાં સામાજિક ધોરણો જોવા મળે છે. તથા વંશવારસાને લગતા અને ઉત્તરાધિકારીઓને લગતા નિયમો પણ જોવા મળે છે. ધર્મસંસ્થામાં ધર્મના સિદ્ધાંતો તેના અનુયાયીઓ માટે વર્તનનાં ધોરણ બની જાય છે. આમ, દરેક સંસ્થામાં વર્તનનાં ધોરણોની ઢબ હોય છે, જે સંસ્થાની પ્રણાલિકા બને છે.

**૫. વિચારસરણી**

વિચારસરણી એ વિચારો, માન્યતાઓ અને ધીરણોનો સમૂહ છે. ધોરણો વ્યક્તિએ કઈ રીતે વર્તનનું અને કઈ રીતે વર્તન ન કરવું તે સૂચવે છે, જયારે વિચારસરણી વ્યક્તિએ શા માટે આ રીતે વર્તન કરવું જોઈએ તે સૂચવે છે. આમ, વિચારસરણી

સંસ્થાની મૂળભૂત માન્યતાઓ અને વિચારી વ્યક્ત કરે છે. દા.ત., કુટુંબવાદ કે વ્યક્તિાદ એ કુટુંબની વિચારસરણી છે. કર્મવાદ, એકેશ્વરવાદ કે અનેકેશ્વરવાદ એ ધર્મની વિચારસરણી છે. જ્યારે રાષ્ટ્રવાદ, લોક્શાહી, પ્રજાતંત્ર વગેરે રાજકીય સંસ્થાની વિચારસરણી છે.

**"સામાજિક સંસ્થા"** સંદર્ભ અને વિજ્ઞાન અર્થઘટન એ છે કે તે વ્યાખ્યાયિત પર આધાર રાખીને અલગ અર્થ ધરાવે છે. સામાન્ય રીતે માનવામાં આવે છે કે સમાજના સામાજિક સંસ્થાઓ – જે તે ધોરણો, માન્યતાઓ, મૂલ્યો, સ્થિતિ અને ભૂમિકાઓ વગેરેના સંચાલન, નિયમન, વ્યવસ્થા, આયોજન એટલે કે,POSDCORB છે.

**૪. આર્થિક સંસ્થાઓની ભૂમિકા કે કાર્યો**

અર્થતંત્ર, શાસન અને અસરકારક વિકાસ સંસ્થા પૂરી પાડે છે. સંપત્તિ સંબંધો ચોક્કસ વ્યક્તિ અથવા સંસ્થા માટે કોઇ કિંમતો (મુખ્યત્વે સામગ્રી) ઠીક છે, જે તેમને આવક કમાઇ માટે પરવાનગી આપે છે. કામ માટે કાર્યકર મહેનતાણું - એક સામાજિક સંસ્થા તરીકે વેજીસ. આ જૂથ પણ મની માર્કેટ અને વધુ સમાવેશ થાય છે.

**રાજકીય સંસ્થાઓ** (આર્મી, પાર્ટી, કોર્ટ સરકાર, માધ્યમો અને અન્ય.) કોઈપણ રેગ્યુલેટ રાજકીય સંબંધ સમાજમાં શક્તિ છે. **આધ્યાત્મિક સંસ્થાઓ** (શિક્ષણ, વિજ્ઞાન, ધર્મ, અને તેથી પર. ડી) આધાર નૈતિક મૂલ્યો સમાજ અને તેમના વધુ વિકાસ ફાળો આપે છે.

કુટુંબ જૂથ, લગ્ન પોષવામાં અને દરેક વ્યક્તિગત સહાયક સામાન્ય રીતે સમાજના માળખું સૌથી મહત્વપૂર્ણ કડી છે. બધા જૂથો અને સામાજિક સંસ્થાઓ સાથે ગાઢ રીતે સંકળાયેલો છે અને તેને સતત વપરાતું આમ દરેક અન્ય અસર કરે છે. ઉદાહરણ તરીકે, રાજ્ય રાજકીય માત્ર કાર્યો કરે છે, પણ આર્થિક સંબંધો નિયમન કરે છે, આધ્યાત્મિક દરમિયાનગીરી સમાજના વલયની.

સામાજિક સંસ્થાઓ કડક કાયમી ઘટના ફિક્સ હોતી નથી, તેઓ સમય જતાં લોકો, સંસ્કૃતિ અને અન્ય પરિબળો વચ્ચે સંબંધ જેવા જ સાથે વિકસાવવામાં આવે છે.

ફરીથી, બેક ભૂમિકા અને સામાજિક સંસ્થાઓ કાર્યો પ્રશ્ન છે. વિજ્ઞાનીઓ ચાર (ઉપર ઉપરાંત) તેમની મુખ્ય કાર્યો ઓળખે છે. સૌ પ્રથમ, તે સમાજના પ્રજનન, ગુણાત્મક અને જથ્થાત્મક constancies સમાજના જાળવણી છે. બીજા - સમાજના અસ્તિત્વ દરમિયાન સંચિત, સાંસ્કૃતિક આધ્યાત્મિક, બૌદ્ધિક, ઔદ્યોગિક અને અન્ય વારસામાં જાળવણી. તૃતીય કાર્ય, તેના બદલે, તે અર્થશાસ્ત્રીઓ દ્વારા નોંધવામાં આવે છે - સામાજિક સંસ્થાઓ ઉત્પાદન, વિતરણ અને સામગ્રી અને અન્ય welfares વિનિમય

માટે જવાબદાર છે. છેલ્લે - સંચાલન અને સમાજ નિયંત્રણ, તેમજ તે દરેક વ્યક્તિગત સભ્ય (નીતિ ફોર્મ્યુલેશન). તે નોંધવું એક સામાજિક સંસ્થા તકલીફ જેમ કે એક વસ્તુ છે કે મહત્વનું છે. તે જાહેર જરૂરિયાતો અને સમુદાય સંસ્થા નુકસાન મહત્વ બદલાતી પરિણામે આવે છે.

### ૫. સંસ્થા વિવિધ સ્વરૂપે

- સંસ્થા – પ્રક્રિયા સંબંધી : અસ્તિત્વ ધારણ કરી રહેલ (પુન:) આયોજન (સંસ્થા કાર્યના અથવા ક્રિયાના રૂપમાં).
- સંસ્થા – ક્રિયાત્મક : એક ક્રિયાત્મક રૂપમાં સંસ્થા, જેનો ઉપયોગ ધંધાદારી અથવા રાજ્યના અધિકારીઓ કરે છે (સંસ્થા કાયમી માળખાના રૂપમાં).
- સંસ્થા – સંસ્થાગત : અસ્તિત્વ ધારણ કરી રહેલ સંસ્થા (સામાજિક સંદર્ભમાં સંસ્થા એ વાસ્તવિક ઉદેશ્યપૂર્ણ વ્યવસ્થા)

### સંદર્ભ સૂચી

૧. શાહ એન્ડ શાહ, (૧૯૮૭). શિક્ષણનું સમાજશાસ્ત્ર (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
૨. શાહ, જેઠાલાલ (૧૯૫૨), 'સમાજશાસ્ત્રની રૂપરેખા', શ્રી નાથીબાઈ દામોદર ઠાકરશી મહિલા ટ્રસ્ટ, અમદાવાદ.
૩. જાની, ગૌરાંગ ત્રિવેદી નલિની (૨૦૦૮), 'ગુજરાતી વિશ્વકોષ ખંડ ૨૨-૨૩', ગુજરાત વિશ્વકોષ
૪. પરમાર, વાય.એ., સામાજિક સ્તરરચના', શ્રી પોપ્યુલર પબ્લીશીંગ હાઉસ, સુરત
૫. પરીખ, રતુભાઈ (૧૯૫૬), 'સમાજશાસ્ત્ર પ્રવેશિકા', શ્રી પોપ્યુલર પબ્લીશીંગ હાઉસ, સુરત